# સુમુલ ચૂંટણી: BJPના મેન્ડેટ સામે બળવો

**રાજુ** પાઠક અને નરેશ પટેલે રેલી કાઢી ફોર્મ ભર્યું, આજે સંદીપ દેસાઈ સહિતના અન્યો ઉમેદવારી કરશે

સુરત : સુમુલ ડેરીની ચૂંટણીમાં ભાજપમાં આંતરિક અસંતોષ ખુલ્લેઆમ સામે આવ્યો છે. ભાજપના સત્તાવાર ઉમેદવારો સામે વાલોડમાં નરેશ ભીખાભાઈ પટેલ, વ્યારામાં પ્રવીણભાઈ ગામિત તથા ઓલપાડમાં વસંત પટેલે દાવેદારી કરી છે. જ્યારે મહુવા બેઠક પર ધનંજય પટેલ ઉમરપાડા બેઠક પરથી રાજુ વસાવા પણ ઉમેદવારી કરે તેવી ચર્ચા છે. પાંચ વર્ષ પહેલાં મહુવા બેઠક પર ભાજપના સત્તાવાર ઉમેદવાર માનસિંહ પટેલ સામે બળવો કરીને ચૂંટણી લડનાર જીગર નાયકને આ વખતે ભાજપે મેન્ડેટ આપ્યું છે. વાલોડમાં નરેશ પટેલ સામે બળવો કરનાર રાજકુમાર આહિરને પણ પક્ષે ઉમેદવાર બનાવ્યો છે. ધારાસભ્ય સંદીપ દેસાઈ સહિત 15 કાલે બુધવારે નામાંકન ભરશે.

### રાજુ પાઠક સામેના કોંગ્રેસના સંભવિતે ચૂંટણી લડવાનું ટાળ્યું

માંગરોળ બેઠક પર કોંગ્રેસના ગુરજીભાઈએ ઉમેદવારી ફોર્મ લીધું હતું અને તેઓ ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા હતી. જોકે રાજુ પાઠકે રાજકીય ચાલ ચલતાં ગુરજીભાઈને પોતાની સાથે લઈ લીધા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પરિણામે કોંગ્રેસ દ્વારા રચાયેલી વ્યૂહરચનાને ફટકો પડ્યો હોવાનું માનવામાં આવે છે.

### 9 બેઠકો પર કોંગ્રેસ-ભાજપના બળવાખોર મળી 17ની ઉમેદવારી

માંગરોળ બેઠક પરથી રાજુ પાઠક, ઓલપાડ વસંત પટેલ, ભરત સુદામ પટેલ નિઝરથી, અરવિંદ ગામિત, દિનેશ ગામિત, રાકેશ બાબુભાઈ ગામીતે સોનગઢથી, સિદ્ધાર્થ ચૌધરી,મકાનજી ગામિત, અરવિંદ ચૌધરી અને પ્રવીણ ગામીતે વ્યારાથી, સુનિલ ગામિતએ ઉચ્છલથી, મહુવાથી દિનેશ ખંડુભાઈ પટેલ અને ગુણવંત નરોત્તમ વહિયાએ, ઉમરપાડામાં સોનજી કોટીયા વસાવાએ, કુકરમુંડાથી ઇન્દ્રસિંગ આતર્થા વસાવાએ અને વાલોડથી નરેશ પટેલ,વિકેશ ચંદુ ગામિત,અજય ગમન પાવાગઢી એ પોતાની ઉમેદવારી નોંધાવી છે.

### મેન્ડેટવાળાને જીતાડવા આખો ભાજપ કામે લાગ્યો

બારડોલી: "સુમુલ ડેરી"ની ચૂંટણીમાં ભાજપ અધિકૃત ઉમેદવારોની બેઠક સુરત જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સુરત જિલ્લા ભાજપના પ્રભારી અને ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ ગૌતમભાઈ ગેડિયા, સુરત જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ મહામંત્રી અંકુરભાઈ દેસાઈ, તાપી જિલ્લાના પ્રમુખ સૂરજભાઈ વસાવા, ધારાસભ્ય મોહનભાઈ કોંકણી, રાજેશભાઈ પાઠક, સંદીપભાઈ દેસાઈ તથા ભાજપ સમર્થિત તમામ ઉમેદવારો અને અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વ્યારા બેઠક પર અગાઉના ભાજપના ઉમેદવાર સામે બળવો કરનારને જ મેન્ડેટ અપાયું હોવાથી આ વખતે બળવાખોરી થઈ

વ્યારા બેઠક પર પણ સમાન પરિસ્થિતિ સર્જાઈ છે. 2020માં ભાજપના સત્તાવાર ઉમેદવાર તરીકે પ્રવીણ ગામિતને મેન્ડેટ મળ્યું હતું, પરંતુ તેમની સામે બળવો કરનાર ઉમેદવારને જ આ વખતે પક્ષે સત્તાવાર ઉમેદવાર બનાવતા પ્રવીણ ગામિતે ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરી પોતાની ઉમેદવારી નોંધાવી છે. ચર્ચા એ છે કે ભાજપે પોતાના જ બળવાખોરોને ઇનામ આપતાં વફાદાર કાર્યકરોમાં અસંતોષ ઊભો કર્યો છે. 42માંથી 34 મતદારો સાથે તેઓ ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા, જેના કારણે તેમની રાજકીય તાકાતનો સ્પષ્ટ સંદેશ ગયો છે. બીજી તરફ સુમુલ ડેરીના પૂર્વ ચેરમેન અને વાઇસ ચેરમેન રાજેશ ઉર્ફે રાજુ પાઠકે પણ પોતાના સમર્થકોની વિશાળ રેલી સાથે ઉમેદવારી નોંધાવી હતી.

### ચોર્યાસી, માંગરોળ બેઠક બિનહરીફ થશે, પાંચ બેઠકો બિનહરીફ કરવા ભાજપના પ્રયાસો

ચૂંટણીમાં કેટલીક બેઠકો બિનહરીફ કરવા માટે ભાજપે સક્રિય પ્રયાસો શરૂ કર્યા હોવાનું પણ જાણવા મળે છે. ચોર્યાસી અને માંગરોળ બેઠકો બિનહરીફ થવાની શક્યતા મજબૂત માનવામાં આવી રહી છે. ઉપરાંત કામરેજ, પલસાણા અને બારડોલી બેઠકો પર પણ સર્વસંમતિનો માહોલ ઊભો કરવા પ્રયાસો થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ સુમુલના ભાજપ સમર્થિત નેતાઓએ પક્ષના હાઇકમાન્ડ સમક્ષ 16માંથી ઓછામાં ઓછી પાંચ બેઠકો બિનહરીફ જીતાડવાનું આશ્વાસન આપ્યું હોવાનું કહેવાય છે.

### -2020 ની ચૂંટણીમાં રાજુ પાઠક જૂથને ટક્કર આપનાર ત્રિપુટીને ભાજપનો મેન્ડેટ મળ્યો નહીં

આ ચૂંટણીમાં વધુ એક મહત્વપૂર્ણ ચર્ચાનો વિષય એ છે કે 2020ની ચૂંટણી બાદ સુમુલમાં સત્તા સ્થાપિત કરનાર માનસિંહ પટેલ, નરેશ ભીખાભાઈ પટેલ અને જયેશભાઈ પટેલ (દેલાડ)ની ત્રિપુટીને આ વખતે ભાજપે મેન્ડેટ આપ્યો નથી. પાંચ વર્ષ સુધી સહકારી રાજકારણમાં પ્રભાવશાળી રહેલી આ ત્રિપુટીની અવગણના પાછળના કારણો અંગે વિવિધ અટકળો ચાલી રહી છે. સહકારી અને રાજકીય વર્તુળોમાં હવે એવી ચર્ચા શરૂ થઈ છે કે મેન્ડેટથી વંચિત રહેલા આ નેતાઓ આગામી દિવસોમાં નવા રાજકીય સમીકરણો ગોઠવી શકે છે. જો બળવાખોર ઉમેદવારો અંત સુધી ચૂંટણી મેદાનમાં ટકશે તો સુમુલ ડેરીની ચૂંટણી માત્ર સહકારી સંસ્થાની ચૂંટણી નહીં રહે, પરંતુ ભાજપની આંતરિક શક્તિ અને સંગઠન ક્ષમતાની કસોટી બની શકે છે.

# 128 કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપાયું

**સુરત** સહિત સાત શહેરની 22 પેઢીમાં GST વિભાગના દરોડા

**રૂપિયા** 23.08 કરોડની બોગસ ઇનપુટ ટેક્સ ક્રેડિટનું કૌભાંડ, કરચોરીની તપાસ ચાલુ

સુરતઃ રાજ્ય જી.એસ.ટી. વિભાગે મોટા પાયે બોગસ બિલિંગ અને ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી)ની કરચોરીના એક કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં 128 કરોડથી વધુના બનાવટી વ્યવહારો દ્વારા 23.08 કરોડથી વધુનું સરકારી નુકસાન કરાવવાનો આરોપ છે.

વિભાગને મળેલી ગુપ્ત માહિતી અને ત્યારબાદના વિશ્લેષણના આધારે તા. 16 જૂન, 2026ના રોજ જામનગર, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને ભાવનગરમાં 22 પેઢી પર સર્ચ અને સીઝરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન મે. માંડોવરા ટ્રેડિંગ કંપનીના માલિક સુરેશચંદ્ર મૂળચંદ શાહ અને તેમના પુત્ર આયુષ સુરેશચંદ્ર શાહની જામનગરથી ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ પેઢીએ અસ્તિત્વમાં ન હોય તેવી બોગસ કંપનીઓ પાસેથી ખોટી ખરીદીઓ દર્શાવીને મોટા પાયે ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવ્યો હતો. કોઈ વાસ્તવિક માલની હેરાફેરી વગર જ આ બનાવટી વ્યવહારો કરવામાં આવ્યા હતા. જી.એસ.ટી. કાયદાની કલમ 132(1)(b) અને 132(1)(c) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### સુરતમાં બ્યુટી પ્રોડ્ક્ટ્સ વેચતી પેઢી પર દરોડા

આજે સુરત જીએસટી વિભાગની ટીમ દ્વારા શહેરમાં કેટલાંક ઠેકાણે બ્યુટી પ્રોડક્ટ્સનું વેચાણ કરતી તથા તેની સાથે સંકળાયેલી પેઢીઓ પર તપાસ કાર્યવાહી કરવામાં આવી હતી. આ તપાસ ઘટક દ્વારા કરાઈ હતી. હાલ તપાસ ચાલુ છે. પ્રાથમિક તબક્કે મોટી કરચોરીની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# મેટ્રો રેલ: મગોબ સ્ટેશનના એન્ટ્રી-એક્ઝિટ માટે જમીન ફાળવવાની દરખાસ્ત

સુરતઃ વરાછા ઝોનમાં આવેલા મગોબ મેટ્રો સ્ટેશનના એન્ટ્રી અને એક્ઝિટ-1 તથા 2ના નિર્માણ માટે જમીન ફાળવવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. આ કામગીરી માટે ફાઈનલ ટી.પી. સ્કીમ નં. 53 (મગોબ-ડુંભાલ) માં રસ્તા પૈકીની 282 ચોરસ મીટર અને ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. 64 (ડુંભાલ-મગોબ) માં રસ્તા પૈકીની 878 ચોરસ મીટર મળીને કુલ 1160 ચોરસ મીટર જમીન ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.ને 99 વર્ષના ભાડાપટ્ટે (લીઝથી) સોંપવાનું આયોજન છે. સરકારના નિયમો અનુસાર, આ જમીન પ્રવર્તમાન જંત્રી ભાવે વાર્ષિક ભાડું અને નિયમાનુસાર ટેક્સ વસૂલ કરીને મેટ્રો કોર્પોરેશનને હસ્તગત કરવામાં આવશે, જેથી સ્ટેશનની કામગીરી ઝડપથી પૂરી કરી શકાય.

મગોબ મેટ્રો સ્ટેશન પર વ્યવસ્થિત એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ બનવાને કારણે મુસાફરોને સ્ટેશનની અંદર આવવા અને બહાર નીકળવામાં ભારે સરળતા રહેશે અને કોઈ પણ પ્રકારની અરાજકતા કે ભીડભાડનો સામનો કરવો નહીં પડે.

આ વિસ્તારમાં મેટ્રોની કનેક્ટિવિટી બહેતર બનવાથી પૂર્વ ઝોનના નાગરિકો ખૂબ જ ઓછા સમયમાં, ટ્રાફિક વગર અને આરામદાયક રીતે શહેરના અન્ય વિસ્તારો સુધી અવરજવર કરી શકશે, જેનાથી તેમના સમય અને ઈંધણ બંનેની મોટી બચત થશે. રોડ પરના વાહનોનું ભારણ ઘટતાં સ્થાનિક સ્તરે ટ્રાફિક જામ અને પ્રદૂષણની સમસ્યામાં પણ મોટો ઘટાડો નોંધાશે.

# પાલની જમીનના સોદામાં ખરવાસાના ખેડૂત સાથે રૂપિયા ૨.૧૪ કરોડની ઠગાઈ

**પટેલ** બંધુએ રૂ.૩૨.૧૯ કરોડનો સોદો કરી બાનાના ૨ કરોડ ઓળવ્યા, જમીન અન્યને પધરાવી દીધી

સુરતઃ ચોર્યાસી તાલુકાના ખરવાસા ગામના એક ખેડૂત સાથે પાલની કરોડોની કિંમતની કિંમતી જમીનના સોદામાં પાલના જ બે સાગા ભાઈએ રૂ.૨.૧૪ કરોડની છેતરપિંડી આચરી છે. જમીન ખરીદવા પેટે કરોડોનું બાનું લીધા બાદ આરોપીઓએ આ જમીન બારોબાર ત્રીજી જ પાર્ટીને વેચી મારી હતી અને ત્યારબાદ સમાધાનના થયેલા લખાણ મુજબની રકમ પણ ચૂકવી ન હતી. આ મામલે આખરે પોલીસ ફરિયાદ નોંધાતા તપાસનો દોર ઈકો સેલને સોંપવામાં આવ્યો છે.

ખરવાસા ગામના ટાંકી ફળિયામાં રહેતા ૪૨ વર્ષીય ખેડૂત હેમાંગભાઈ ભરતભાઈ નાયકે વર્ષ ૨૦૧૪માં પાલ ગામના નવી ફળી વિસ્તારમાં રહેતા બે ભાઈ મયુર અશોક પટેલ અને મેહુલ અશોક પટેલ સાથે જમીનનો સોદો કર્યો હતો. પાલ ગામની રેવન્યુ સરવે નં. ૨૫૨/૨, બ્લોક નં. ૨૦૮ વાળી આશરે ૧૨,૩૪૩ ચોરસ મીટર જમીન કુલ રૂ.૩૨,૧૯,૨૩,૭૯૨માં ખરીદવાનું નક્કી થયું હતું. હેમાંગભાઈએ બાના પેટે રૂ.૨ કરોડ રોકડા ચૂકવી રૂ.૧૦૦ના સ્ટેમ્પ પેપર પર સમજૂતી કરાર પણ કર્યો હતો. બાકીની રકમ એક મહિનામાં ચૂકવવાની હતી, પરંતુ ખેડૂત દ્વારા સમયસર નાણાંની વ્યવસ્થા ન થઈ શકાતા આ સોદો અટવાયો હતો. આરોપી પટેલ બંધુઓએ વર્ષ ૨૦૨૨માં ખેડૂત હેમાંગભાઈને કોઈ જ જાણ કર્યા વિના આ કિંમતી જમીન અન્ય આસામીને વેચી મારી હતી. હેમાંગભાઈએ આરોપીઓ પાસે ઉઘરાણી કરી હતી. જેના પગલે ૪ જૂન ૨૦૨૨ના રોજ રૂ.૩૦૦ના સ્ટેમ્પ પેપર પર બંને પક્ષ વચ્ચે સમાધાન બાંહેધરી લેખ થયો હતો. જેમાં આરોપીઓએ હેમાંગભાઈને નુકસાની પેટે રૂ.૨,૨૪,૦૦,૦૦૦ ચૂકવવાનું સ્વીકાર્યું હતું. જોકે, પટેલ બંધુઓએ કરારનો પણ ભંગ કર્યો હતો. તેમણે હેમાંગભાઈને માત્ર રૂ.૧૦ લાખ આપીને ટલ્લે ચઢાવ્યા હતા અને બાકી નીકળતા રૂ.૨,૧૪,૦૦,૦૦૦ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. વર્ષો સુધી નાણાં ન મળતા હેમાંગભાઈએ પાલ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે બંને આરોપી ભાઈઓ વિરુદ્ધ ગુનો નોંધી કરોડોના આ કૌભાંડની તપાસ સુરત પોલીસની આર્થિક ગુના નિવારણ શાખા (ઈકો સેલ)ને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# નાયલોન FDY યાર્ન પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી નહીં લાગે

**સુરત** નાયલોન વિવર્સ એસોસિએશન અને સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીએ PMO, કેન્દ્રીય નાણામંત્રી,ટેક્સટાઈલ સેક્રેટરીને કરેલી રજૂઆત ફળી

### અન્ય યાર્નની આયાતને સમર્થન આપતા સ્પિનરે એન્ટી-ડમ્પિંગ ડ્યૂટીની માંગ કરી હતી

ઉદ્યોગ સંસ્થાએ કેટલાક મોટા સ્પિનર જૂથોની નીતિ અંગે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. રજૂઆતમાં જણાવાયું હતું કે જે ઉદ્યોગ જૂથો અન્ય ઉત્પાદનો માટે આયાતને સમર્થન આપે છે, તેઓ જ નાયલોન યાર્ન માટે એન્ટી-ડમ્પિંગ ડ્યૂટીની માંગણી કરી રહ્યા છે. આ પ્રકારની વિરોધાભાસી સ્થિતિ બજારમાં એકાધિકાર, કાર્ટેલાઇઝેશન અને સ્પર્ધા વિરોધી પ્રવૃત્તિઓ અંગે શંકા ઊભી કરે છે. સરકાર દ્વારા આ તમામ પાસાઓની નિષ્પક્ષ રીતે સમીક્ષા કરીને નિર્ણય લેવો જરૂરી હોવાનું પણ જણાવાયું હતું.

સુરતઃ નાયલોન FDY પર એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી લાદવાના ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડીઝના પ્રસ્તાવને કેન્દ્રીય નાણાં મંત્રાલયે સ્વીકાર્યો ન હોવાની માહિતી સામે આવતા સુરતના નાયલોન અને ટેક્સટાઇલ ઉદ્યોગમાં રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરત નાયલોન વિવર્સ એસો. તથા સચિન ઇન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસા. દ્વારા PMO, કેન્દ્રીય નાણામંત્રી, ટેક્સટાઇલ સચિવ અને ટેક્સટાઇલ કમિશનર સમક્ષ કરેલી રજૂઆતને આ નિર્ણયમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

સુરત નાયલોન વિવર્સ એસોસિએશન અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીનું માનવું હતું કે એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી અથવા અન્ય આયાત પ્રતિબંધોનો લાભ માત્ર થોડાક મોટા ઉત્પાદકોને મળશે, જ્યારે હજારો MSME એકમો, વણકરો, પ્રોસેસરો, નિકાસકારો, ટ્રેડર્સ અને શ્રમિકો માટે મુશ્કેલીઓ ઊભી થશે. ટેક્સટાઇલ વેલ્યુ ચેઇનના દરેક સ્તરે તેની નકારાત્મક અસર પડશે અને ભારતના મેનમેડ ફેબ્રિક ક્ષેત્રની વૈશ્વિક સ્પર્ધાત્મકતા પણ ઘટી શકે છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### MMTH: ખામીને...

આવેલા પિલ્લરો પૈકીના કેટલાક પિલ્લર અચાનક તોડી પાડવામાં આવતા મીડિયા અને સ્થાનિક લોકોમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

### કોંક્રિટિંગ વખતે સ્ટ્રક્ચરમાં ખામી સર્જાઈ હતી

રેલવેના ખુલાસા મુજબ, પિયર કેપના કોંક્રિટિંગની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે તેના કામચલાઉ સ્ટેજીંગ (માળખા)માં અચાનક થોડી વિસંગતતા કે ખામી જોવા મળી હતી, જેને કારણે તેનો અમૂક ભાગ આંશિક રીતે નમી ગયો હતો. જોકે, સાઇટ પર સુરક્ષાના કડક નિયમોના કારણે તે એરિયાને અગાઉથી જ કોર્ડન કરી દેવામાં આવ્યો હોવાથી કોઈ પણ પ્રકારની જાનહાનિ, ઈજા કે અપ્રિય ઘટના બની ન હતી. રેલવેએ સ્પષ્ટ કર્યું કે, સ્થાપિત સુરક્ષા અને ક્વોલિટી કંટ્રોલ પ્રોસિજર અનુસાર ખામી ધ્યાને આવતા જ કામ તાત્કાલિક અટકાવી દેવાયું હતું અને તે જ દિવસે અસરગ્રસ્ત ભાગને તોડી પાડવામાં આવ્યો હતો.

### નિરીક્ષણ બાદ જ ફરી શરૂ થશે કામ: રેલવે

રેલવે તંત્રના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટનું કામ સતત હાઇ-લેવલ સુરક્ષા અને ગુણવત્તા મોનિટરિંગ હેઠળ જ થઈ રહ્યું છે અને ખામી જણાતા લેવાયેલા આ ત્વરિત પગલાં પ્રોજેક્ટની ક્વોલિટી કંટ્રોલ સિસ્ટમની મજબૂતી અને સજાગતા દર્શાવે છે. હવે સક્ષમ સત્તાધિકારી દ્વારા પિલરની વિગતવાર ડિઝાઇન ચકાસણી અને સ્થળ પરનું બારીકાઈથી નિરીક્ષણ પૂર્ણ કરાયા બાદ જ આ જગ્યાએ ફરીથી પુનઃનિર્માણનું કામ હાથ પર લેવામાં આવશે.

### સોશિયલ મીડિયા...

આવી હતી. રાતોરાત પિલર તોડી પાડવાની આ કાર્યવાહીને પગલે લોકોમાં અને મીડિયામાં એવા ગંભીર આક્ષેપો ઊઠવા પામ્યા હતા કે કંપની દ્વારા થયેલી મોટી બેદરકારી, ટેકનિકલ ખામી કે ભ્રષ્ટાચારને છૂપાવવા માટે જ આ પિલ્લરો ઉતાવળે તોડી પાડવામાં આવ્યા છે. ભારે વિવાદ અને આક્ષેપોને પગલે સિટકો કંપનીના વરિષ્ઠ અધિકારીઓ દોડતા થઈ ગયા હતા.

### અધિકારીઓના...

તોડવો પડ્યો છે. અધિકારીના આ નિવેદનથી ભારે મૂંઝવણ અને આશ્ચર્ય ઊભું થયું હતું. લોકોમાં એવા સવાલો ચર્ચાવા લાગ્યા કે, શું માત્ર એક પિલર માટે આખી ડિઝાઈન ફેરવવામાં આવી? અને પિલ્લર આખો ઊભો કરી દીધા બાદ જ કેમ ડિઝાઈન બદલવાનો વિચાર આવ્યો? આ સિવાય અન્ય એક અધિકારીએ એવું નિવેદન પણ આપ્યું હતું કે વાયરલ વિડીયો સુરતનો છે જ નહીં. અધિકારીઓના આવા અસ્પષ્ટ જવાબોને લીધે શંકાઓ વધુ દ્રઢ બની હતી.

### આખરે રેલવેનો...

ગત 17 મેના રોજ બની હતી અને અસરગ્રસ્ત પિયર (થાંભલા)ને તે જ દિવસે તોડી પાડવામાં આવ્યો હતો. આ લોકેશન ગુડ્સ યાર્ડ વિસ્તારની અંદર હતું, જેના કારણે રેલવેની મુખ્ય ટ્રેન કામગીરી કે મુસાફર સેવાઓને કોઈ પણ પ્રકારની વિપરીત અસર પહોંચી નથી.

### આજે દ.ગુજરાત...

સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ વિસ્તારોમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજની પણ આગાહી કરવામાં આવી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ મંગળવારે સાંજે 6 વાગ્યા સુધી રાજ્યના 12 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 52 તાલુકામાં વરસાદ થયો હતો. તેમાં ભાવનગર જિલ્લામાં સૌથી વધુ 1.85 ઈંચ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા, જ્યારે કચ્છમાં હવામાન શુષ્ક રહ્યું હતું. ઉત્તર ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં 3.1 કિમીની ઊંચાઈએ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન પણ યથાવત રહેતાં અને નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાતા ગુજરાતમાં ચોમાસાના વધુ સક્રિય થવાના સંકેતો જોવા મળી રહ્યા છે.24 જૂન બાદ વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. 25 જૂને ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના છે. 26થી 30 જૂન દરમિયાન દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં સતત હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાઓમાં પણ વરસાદી પ્રવૃત્તિ ચાલુ રહેવાની શક્યતા છે.

### સુરત જિલ્લામાં...

જણાવ્યા મુજબ શહેરમાં હવામાં 64 ટકા ભેજ નોંધાઈ હતી. સાથે જ દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી આશરે 10 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. ભેજયુક્ત પવનોના કારણે સમગ્ર શહેરમાં ચોમાસા પૂર્વેનું વાતાવરણ અનુભવાયું હતું. સુરત જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યાની માહિતી મળી હતી. જોકે હવામાન વિભાગના સત્તાવાર રેકોર્ડ મુજબ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી. તેમ છતાં વાદળછાયા વાતાવરણ અને વરસાદી ઝાપટાંને કારણે તાપમાન નિયંત્રણમાં રહ્યું હતું.

### આપના ધારાસભ્ય...

વર્ષની જેલની સજા ફટકારી છે. આ વિવાદ નવેમ્બર-2023માં નોંધાયેલી સત્તાવાર પોલીસ ફરિયાદ સાથે જોડાયેલો છે. ફરિયાદ અનુસાર વન વિભાગના કર્મચારીઓએ ડેડિયાપાડા વિસ્તારમાં સરકારી જમીન પરથી ગેરકાયદે વાવેતર દૂર કર્યું હતું. આ બાબતની અદાવત રાખીને ધારાસભ્ય ચૈતર વસાવાએ વન કર્મચારીઓને ઘરે બોલાવીને તેમની સાથે મારામારી કરી હતી, હવામાં ફાયરિંગ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી અને સરકારી ફરજ કરતાં અટકાવ્યા હતા. બીજા દિવસે ધારાસભ્યના પીએ અને અન્ય ઇસમોએ વન કર્મચારીઓ પાસે 60,000 રૂપિયાની ખંડણી માંગી હતી. પીડિત કર્મચારીએ એટીએમમાંથી પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ટ્રાન્ઝેક્શન નિષ્ફળ જતાં ઉપરી અધિકારીએ ઓનલાઇન 30-30 હજાર ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ જે વ્યક્તિની જમીન પર ગેરકાયદે વાવેતર હતું ત્યાંથી જ મળી આવી હતી.

### નવજાત બાળકની માતાએ બાળકને સાથે રાખવાની મંજૂરી માંગી

સરકારી વકીલ વંદના ભટ્ટે જણાવ્યું કે, કોર્ટે તમામ 9 આરોપીને દોષિત ઠેરવ્યા છે, જેમાં 5 પુરુષ અને 4 મહિલા આરોપીઓનો સમાવેશ થાય છે. એક મહિલા ગર્ભવતી છે. જ્યારે બીજી નવજાત બાળકની માતા છે. તમામ આરોપીઓને રાજપીપળા જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. નવજાત બાળકની માતાએ બાળકને સાથે રાખવાની મંજૂરી માંગી છે.

### ભાજપે બદલાની...

સુપડા સાફથી ગભરાઈને ભાજપે આ આખું ષડયંત્ર રચ્યું છે. ચૈતરભાઈને ભાજપમાં સામેલ કરવા માટે જુદી જુદી સરકારી એજન્સીઓનો દુરુપયોગ કરવામાં આવ્યો, જેલમાં ડરાવવા-ધમકાવવામાં આવ્યા અને લોભ-લાલચ પણ અપાઈ હતી. એટલું જ નહીં, આ રાજકીય પ્રપંચમાં તેમના ધર્મપત્નીને પણ ઢસડીને ફસાવવાનો હીન પ્રયાસ કરાયો છે.

### પિતાને ફાંસો...

ઘરમાં પુત્રની નજરની સામે જ ફાંસો ખાઈ લીધો હતો. પિતાને ફાંસો ખાતા જોઈને પુત્ર આયુષે તેના કાકાને ફોન કર્યો હતો. પરંતુ ફોન પર કાકા તેની વાત સમજી શક્યા ન હતા. જેથી ફોન કટ કરી દીધો હતો. તેથી આયુષ મોહલ્લામાં દોડીને ગયો અને સ્થાનિક લોકોને ભેગા કરીને લઈને આવ્યો હતો. લોકોએ અક્ષયને ફાંસો ખાધેલી હાલતમાં નીચે ઉતારીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ અક્ષયનું મોત થયું હતું.

### સુરતમાં ગત...

પ્રારંભિક કાર્યો પર અસર થવાની ભીતિ ઊભી થઈ છે. ખાસ કરીને ડાંગર અને અન્ય ખરીફ પાકોના વાવેતર માટે ખેડૂતો પૂરતા વરસાદની રાહ જોઈ રહ્યા છે. જિલ્લામાં વરસાદના ઘટેલા આંકડાઓ દર્શાવે છે કે ચોમાસું હજુ પૂરજોશમાં સક્રિય બન્યું નથી. આગામી સપ્તાહ દરમિયાન નોંધપાત્ર વરસાદ થાય તો જ જળાશયો, નદીઓ અને ખેતી માટે રાહતની સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

### સન્ની થોડા...

સાતેક વર્ષ પહેલાં બીમારીને કારણે સન્નીના પિતા અને એક અકસ્માતમાં મોટો ભાઈ મૃત્યુ પામ્યા હતા. એ પછી પરિવારનો બોજ બે ભાઈ સન્ની અને રવિના ખભે હતો.

### ભીમપોરના ગ્રામજનોમાં...

રહ્યું છે કે, ઘટનાને આટલા કલાકો વીતી ગયા હોવા છતાં હજુ સુધી કોઈ રાજકીય પક્ષના આગેવાનો, સ્થાનિક કોર્પોરેટર કે ધારાસભ્ય પરિવારની મુલાકાતે પહોંચ્યા નથી. મુલાકાત તો છોડો કોઈએ આ સમગ્ર ઘટના બાબતે તપાસ કરવા પણ પ્રયાસ કર્યો નથી. ચૂંટણીના સમયે ગલી-ગલીમાં જઈને લોકોનો સંપર્ક કરતાં નેતાઓ આ દુઃખદ સમયે પરિવારની હિંમત વધારવા કે સાંત્વના આપવા પણ આવ્યાં ન હોવાના આક્ષેપો સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યા છે.

### એટીકેટી આવતા...

મમ્મીને ઘરકામમાં મદદ કર,જે વાતનું માંઠુ લાગી આવતા સોમવારે બપોરે યેશાએ ઘરમાં ઝેર પી લીધું હતું. ઝેર પીતા યેશાને ઉલટી થતા તેની માતાને જાણ થઈ હતી અને તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં ટુંકી સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

### કતારમાં ભીમપોરના...

ભાળ મળી નહી હોવાથી તેના પરિવારજનો ભારે ચિંતામાં મુકાઈ ગયા છે. ઘટનાને 40 કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં શનિ અંગે કોઈ સત્તાવાર માહિતી મળી નથી. સુરતના ભીમપોરના વતની સન્નીકુમાર ચંપકલાલ પટેલ (ઉ.વ. ૩૯) આઠ મહિના પહેલા જ નોકરી અર્થે કતાર ગયા હતા. રવિવારની રાત્રે પત્ની સાથે ફોન પર થયેલી છેલ્લી વાતચીત મુજબ સન્નીએ પોતે નોકરી પર જઈ રહ્યો હોવાની વાત કહી હતી. એ પછી સન્નીનો કોઈ સંપર્ક થઈ શક્યો નથી. સન્નીનો મોટો ભાઈ રવિ પણ કતારમાં જ નોકરી કરે છે. વિસ્ફોટની ઘટના પછી નાના ભાઈ સન્નીને શોધવા માટે રવિએ આકાશ-પાતાળ એક કરી નાખ્યા હતા, પણ હજી સુધી કોઈ સફળતા મળી નથી. પરિવારના જણાવ્યા મુજબ, બ્લાસ્ટ થયાના ગણતરીના કલાકોમાં જ તેમને ઘટનાની જાણ થઈ હતી. ત્યારબાદ સન્નીની પત્ની ટ્વિંકલબેને પતિનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે અનેક વખત ફોન કર્યા હતા, પરંતુ ફોન સતત એન્ગેજ આવતો હતો. ત્યારબાદથી સન્ની સાથે કોઈ સંપર્ક થઈ શક્યો નથી. સન્નીનો મોટો ભાઈ રવિ પટેલ પણ કતારમાં અન્ય કંપનીમાં નોકરી કરે છે. ઘટનાની જાણ થતાં જ તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને સન્ની અંગે માહિતી મેળવવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છે. જોકે, અત્યાર સુધી તેમને પણ કોઈ ચોક્કસ માહિતી મળી નથી.

DGVCLની કાર્યવાહી સામે રહેવાસીઓમાં રોષ

# અડાજણમાં સ્માર્ટ મીટર વિવાદ મહિલાઓ સાથે ગેરવર્તનના આક્ષેપ

**મીટર** બદલવાની પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવ અને બળજબરીના આરોપોથી વિવાદ ગરમાયો

**ઝપાઝપીમાં** મહિલા ઈજાગ્રસ્ત, સારવાર માટે હોસ્પિટલ ખસેડાઇ

### પોલીસ સ્ટેશને મામલો પહોંચ્યો, ફરિયાદ નોંધાવવા વિલંબના આક્ષેપ

ઘટનાની જાણ થતાં અડાજણ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ સ્થાનિક રહેવાસીઓ અને મહિલાઓનો એક જૂથ અડાજણ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. જોકે ફરિયાદ નોંધવાની પ્રક્રિયામાં વિલંબ થયો હોવાના આક્ષેપો પણ સ્થાનિકોએ કર્યા છે. જેના કારણે પોલીસની કામગીરી અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

સુરતઃ મંગળવારે અડાજણ વિસ્તારમાં આવેલી ઓમ શિવમ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં બનેલી ઘટનાએ ફરી એકવાર ડીજીવીસીએલની કામગીરીને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિક રહેવાસીઓએ આરોપ લગાવ્યો છે કે ડીજીવીસીએલની ટીમ અને તેમની સાથે આવેલા કોન્ટ્રાક્ટર કર્મચારીઓએ પૂરતી જાણ કર્યા વિના મીટર બદલવાની કાર્યવાહી હાથ ધરી હતી, જેના કારણે સ્થળ પર ભારે હોબાળો મચ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ડીજીવીસીએલની ટીમ સોસાયટીમાં પહોંચી અને રહેવાસીઓની મંજૂરી કે પૂર્વ જાણકારી વિના અનેક મીટરના સીલ તોડી નાંખ્યા હતા. જેના કારણએ રહેવાસીઓ અને કર્મચારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઘટનાક્રમ દરમિયાન મહિલાઓ સાથે અભદ્ર વર્તન, ગાળાગાળી અને ઝપાઝપી થઈ હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. સ્થાનિકોનો દાવો છે કે તકરાર દરમિયાન એક મહિલાને ઈજા પહોંચી હતી. આ ઘટનાના પગલે સોસાયટીના રહેવાસીઓમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્ર થયા હતા. સ્થાનિકોએ જવાબદાર કર્મચારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

વિજિલ પ્લસ સિક્યોરિટી એજન્સી સામે ગંભીર સવાલો

# નર્મદ યુનિ.માં પાંચ મહિનાથી પગાર નહીં મળતાં સિક્યુરિટી ગાર્ડનાં ધરણા

**હાજરી** અને લાયકાતના વિવાદ વચ્ચે પાંચ મહિનાથી પેમેન્ટ અટકતાં પગાર મળ્યો નથી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સુરક્ષા સેવાઓ પૂરી પાડતી વીજીલ પ્લસ સિક્યોરિટી એજન્સીને લઈને વિવાદ વધુ ઘેરો બન્યો છે. મળતી માહિતી મુજબ, યુનિવર્સિટી દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં વીજીલ પ્લસ સિક્યોરિટી એજન્સી કર્મચારીઓની બાયોમેટ્રિક હાજરીના રેકોર્ડ રજૂ કરવામાં નિષ્ફળ રહી છે. એજન્સી તરફથી બાયોમેટ્રિક હાજરીના પુરાવા કે અધિકૃત દસ્તાવેજો રજૂ કરવાના બદલે માત્ર ગુગલ લોકેશન સંબંધિત માહિતી મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જેના કારણે એજન્સીની કામગીરી અને કરારની શરતોના પાલન અંગે અનેક સવાલો ઊભા થયા છે. પેમેન્ટ અટકાવવાના કારણે સુરક્ષા કર્મચારીઓને પગાર ન મળ્યાની ફરિયાદો પણ સામે આવી છે. આજે યુનિ. કેમ્પસમાં કર્મચારીઓએ વિરોધ નોંધાવી પોતાની વ્યથા વ્યક્ત કરી હતી.

### ચાર સભ્યની કમિટી તપાસ કરશે, 15 દિવસમાં રિપોર્ટ સોંપશે

મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી. બેઠકમાં સમગ્ર મામલાની તપાસ માટે ચાર સભ્યની વિશેષ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીમાં રાજેન્દ્ર પટેલ, કશ્યપ ખરચીયા, હરીશ પટેલ સહિત ચાર સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સન્ની કોન્ટ્રાક્ટ પર કતારમાં નોકરી પર ગયો હતો

મળતી માહિતી મુજબ, સન્ની પટેલ કોન્ટ્રાક્ટ બેઝ પર કતાર ગયા હતા. તેઓ એક એવી કંપની મારફતે કામ કરતાં હતા, જે વિવિધ પ્રોજેક્ટ માટે મેનપાવર પૂરું પાડવાનું કાર્ય કરે છે. બ્લાસ્ટ બાદ તેમની સ્થિતિ અંગે કોઈ સ્પષ્ટતા ન થતાં પરિવારની ચિંતા સતત વધી રહી છે. ભીમપોર વિસ્તારમાં પણ સન્નીના લાપતા હોવાના સમાચારથી ચિંતાનો માહોલ છવાયો છે. પરિવારજનો અને સગાસંબંધીઓ સન્ની સુરક્ષિત હોવાની આશા સાથે તેમની ભાળ મળે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. હાલમાં સૌની નજર કતારમાંથી આવનારી સત્તાવાર માહિતી પર મંડાયેલી છે.

### કર્મચારી રજા પર હોવાથી બે દિવસથી નાઇટ ડ્યુટી આપવામાં આવી હતી

મળતી માહિતી મુજબ, સન્ની ઘણા વર્ષોથી કતારમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ છેલ્લે 28 નવેમ્બરના રોજ સુરત આવ્યા હતા અને પરિવાર સાથે સમય વિતાવી ફરી કતાર પરત ફર્યા હતા. પરિવારજનોના જણાવ્યા અનુસાર, સન્ની દરરોજ ડ્યુટી પર જતાં પહેલાં અને ડ્યુટી પૂર્ણ કરીને પરત ફર્યા બાદ નિયમિત રીતે ઘરે ફોન કરતાં હતા. સામાન્ય રીતે તેઓ દિવસ દરમિયાન કામ કરતાં હતા, પરંતુ કંપનીના એક કર્મચારી રજા પર હોવાથી છેલ્લા બે દિવસથી તેમને નાઇટ શિફ્ટ સોંપવામાં આવી હતી. ઘટનાના દિવસે પણ સન્ની ડ્યુટી પર જતાં પહેલાં પત્ની ટ્વિંક્લબેન સાથે વાતો કરી હતી. ત્યારબાદ તેઓ કામ પર જવા માટે નીકળ્યા હતા. જોકે ડ્યુટી પર પહોંચ્યાના થોડાક જ સમયમાં કતારમાં બ્લાસ્ટ થયાના સમાચાર પરિવાર સુધી પહોંચ્યા હતા. ત્યારથી પરિવાર સતત સન્નીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ કોઈ સફળતા મળી નથી.

### સન્નીએ ITIનો અભ્યાસ કરેલો છે

સન્નીના પિતાનું પાંચેક વર્ષ પહેલાં અવસાન થયું હતું. ત્રણ ભાઈ પૈકી સન્નીના મોટા ભાઈનું અકસ્માતમાં અવસાન થયું હતું. સન્ની ઘરમાં સૌથી નાનો છે તેમજ તેમનાથી મોટાભાઈ રવિ પણ કતારમાં નોકરી કરે છે. સન્ની ધોરણ-10 બાદ ITI નો અભ્યાસ કરેલો છે. સન્નીને ચાર વર્ષનો એક પુત્ર પણ છે. પિતા અને મોટા ભાઈના અવસાન બાદ સમગ્ર પરિવાર રવિ અને સન્ની પર નિર્ભર હતા.